તાત્કાલિક/અગત્યનુ

ક્રમાંકઃપ્રાશિનિ/ગુણો/૧૨-૧૩/ ૯-૫૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જે.એમ.ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૧૧/03/૨013

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- આગામી ગુણોત્સવ-૪ માટેની મૂલ્યાંકન ટીમોની રચના કરવા બાબત.
સંદર્ભઃ- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરની કચેરી, ગાંધીનગરના પત્ર
ક્રમાંકઃએસ.એસ.એ/ક્યુઈસેલ/૨013/૯0૧૫ તા.0૭/03/૨013

ઉપર્યુક્ત વિષય અન્વયે અને સંદર્ભદર્શિત પત્રના અનુસંધાનમાં આગામી એપ્રિલ માસમાં ગુણોત્સવ-૪ માટેનુ સંભવિત આયોજન તૈયાર થઈ રહેલુ છે. એક સપ્તાહમાં જિલ્લાની તમામ શાળાઓનુ બાહ્ય મૂલ્યાંકન કરવા જિલ્લા કક્ષાએથી ટીમોની રચના કરવાની બાબતે આ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા જિલ્લાની જરૂરીયાત અનુસાર મૂલ્યાંકન ટીમોની રચના પૂર્ણ કરી તા.૧૮/03/૨013 સુધીમાં હાર્ડ અને સોફ્ટકોપીમાં આ કચેરીમાં મળે તે રીતે કાર્યવાહી પૂર્ણ કરવી. જેથી આપના તરફથી મળેલ યાદી એસ.એસ.એમ. કચેરીમાં મોકલી શકાય.

મૂલ્યાંકન ટીમની રચના માટે નીચેની બાબતો ધ્યાને લેવી.

૧. ગુણોત્સવ-૪ માટેના બાહ્ય મૂલ્યાંકન માટે દરેક જિલ્લામાં એક ટીમ દીઠ વધુમાં વધુ છ શાળાઓનુ મૂલ્યાંકન થાય તે રીતે જિલ્લાની તમામ શાળાઓ (જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, આશ્રમ શાળાઓ, ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ તથા પાંચથી દસ નોન ગ્રાન્ટેડ શાળાઓ) માટે કલસ્ટર ટીમોની રચના કરાવવી.

૨. આ માટે પ્રત્યેક ટીમમાં ઓછામાં ઓછા બે સભ્યો રહેશે. તેમાંથી એક સભ્ય સી.આર.સી. કો.ઓર્ડિનેટર રહેશે. જે પોતાના કલસ્ટરને બદલે અન્ય તાલુકાના કલસ્ટરમાં મૂલ્યાંકન ટીમનો સભ્ય હશે.

૩. બીજા સભ્ય તરીકે નિવૃત્ત શિક્ષક/એવોર્ડી ટીચર/નિવૃત્ત અધિકારીશ્રી/ગ્રાન્ટેડ માધ્યમિક, ઉ.મા.શાળાના શિક્ષકો-પ્રિન્સિપાલ/પી.ટી.સી., બીએડ અથવા યુનિવર્સિટીના અધ્યાપકો/ સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવકો કે કેળવણીકારો પૈકીના એક સભ્ય હશે. આમ છતાં આ યાદી પૈકી પૂરતા સભ્યો ન મળે તે સંજોગોમાં હેડ ટીચર કેડરમાં નવનિયુક્ત હેડ ટીચરને પોતાના કલસ્ટર સિવાયના કલસ્ટરમાં સભ્ય તરીકે સમાવવા.

ગુરૂ ચાણક્ય

viralshira.blogspot.com

૪. એક ટીમ સોમવારથી શનિવાર સુધીના છ દિવસો દરમ્યાન દરરોજની એક શાળા મૂલ્યાંકન કરશે. જે કલસ્ટરમાં છ કરતાં વધુ શાળાઓ હશે ત્યાં એક (અથવા જરૂરી) વધુ ટીમની રચના કરવાની રહેશે.

૫. દરેક જિલ્લાની કુલ ટીમોની સંખ્યાના પાંચ ટકા રિઝર્વ ટીમોની રચના કરવી.

ઉપર મુજબની સુચનાઓ ધ્યાને લઈ મૂલ્યાંકન ટીમોની રજૂઆત તમામ કર્મચારી પૂર્ણ કરી મોડામાં મોડા આ કચેરીમાં તા.૧૮/૦૩/૨૦૧૩ સુધીમાં આ કચેરીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી જી.બી.પટેલને રૂબરૂમાં આપવાનુ રાખશો.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ સારૂઃ-
- પ્રતિ
  સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,
  સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર

ગુરૂ ચાણક્ય

viralshira.blogspot.com